
# જ્ઞાતિમૈયા

**જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર**

ઈ-મેગેઝીન ● વર્ષ : ૧ ● અંક : ૪૭ ● તા.૪ મે થી ૧૦ મે ૨૦૧૯

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir, Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.


## શ્રી ગોવિંદજી જેવત ખોનાની સુકૃત કલ્પતલતા


કર્મનું અભિમાન રાખો, પૈસાનું નહીં,
ફળોનો રાજા કેરી છે,
તોયે કિલો લેખે વેચાય છે અને
શ્રી ફળ નંગ લેખે વેચાય છે,
અમુક સારા કર્મો એવા પણ હોવા જોઈએ,
જેની ખબર ભગવાન સિવાય
બીજા કોઈને પણ ન હોય.

– અજ્ઞાત




નીશિથ આનંદ દંડ

Sure Safety®
Complete Safety Solutions
PPE Training Consulting & Services



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


-: સંપાદક ગણ :-

નીશિથ આનંદ દંડ

જયંત વસનજી છેડા

રાજેન્દ્ર મણીલાલ ખોના

લક્ષ્મીચંદ લાલજી પોલડીયા

પ્રવીણ હંસરાજ લોડાયા

તીલોકચંદ નરશી દંડ

કિર્તીકુમાર ધનજી ધરમશી



-: કાર્યાલય :-

પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું

Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan

3, Anant Siddhi Building, Gr.Floor, LBS Marg, Bhandup (West) Mumbai - 78.

Tel. 9769991922

9833406124



જ્ઞાતિમૈયા હવે નેટ પર....

www.kdosamastamahajan.org

Email :

gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આોચ્યને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


## અમારી વાત...

### સંપાદક સ્થાનેથી

# સત્ય એક અસરદાર શસ્ત્ર

સત્ય એટલે અફર અને અમીટ. ધારદાર અને અસરદાર છતાં સાચું બોલવું, સાંભળવું અને તેને અનુસરવું કોઈને ગમતું નથી. માણસો વાતવાતમાં, વ્યવહાર જાળવવામાં અને વેપાર ધંધામાં વારંવાર કે કારણ વગર નીજી સ્વાર્થ માટે, પોતાના ઉદ્દેશને મનને ગમતો પરિણામ મળે, સાર્થક અને સિદ્ધ થાય એ માટે જુઠું બોલતો હોય છે અને સામે વાળાને બનાવતો હોય છે.

આમ જોઈએ તો સાચું શું અને ખોટું શું તેનો વાતવાતમાં તાગ કાઢવો મુશ્કેલ છે. દરેક વાતનો તર્ક આપણે તેને કઈ ઈષ્ટથી જોઈ એ છીએ એની ઉપર છે. સત્યનો તાગ મેળવો કઠિન છે, પણ અશક્ય નથી. દરેક વ્યક્તિ પોતાની વાત સાચી છે. એ ઉપર જ અડગ હોય છે. મનોમન એ સમજતો હોય છે કે સત્ય શું છે. પણ પોતાનો સ્વાર્થ સાધવા, પોતે સફળ થવા અસત્યનું ચીર ફાડ કરી, જૂઠને સત્યના જામા પહેરાવી સામેવાળા સમક્ષ રજૂ કરે છે. એક અસત્યને છુપાવવા કાજે અનેક અસત્ય ઉચ્ચારવા પડે છે. તોય સત્ય તો છાનો રહેતો નથી, પ્રગટ થયા વગર રહેતો નથી એ અમીટ સત્ય છે.

અનેક સંતો પણ હિતકારી વચન, નમ્ર-ભાવથી અને સામેવાળાનું સ્વમાન જાળવીને જ બોલવું એવું જણાવે છે. સત્યના પ્રાગટ્ય કરવામાં આપણો ભાવ અન્યને નીચો દેખાડવાનો, કોઈને મલિન ચિતરવાનો ન હોય, એ જરૂરી છે. સત્ય બોલીને આપણે કોઈને ફસાવી દઈએ કોઈને મુસીબતમાં મૂકી દઈ શકીએ કે કોઈને સમૂહની સામે અપમાનીત કરી શકીએ છીએ. સત્ય આપણે કયા હેતુથી, કયા ઈરાદાથી બોલીએ છીએ એનું સવિશેષ મહત્વ છે.

અગાઉ આપણે એક બોધ કથામાં વાચવું છે કે પાંચ અંધ વ્યક્તિઓને હાથીના અંગો સ્પર્શી તેનો આકાર, કદ માટે અભિપ્રાય આપવાનું કહેવાયું ત્યારે એક જણ તેની સુંઢ પકડી, બીજાએ પૂંછ પકડી, ત્રીજાએ એના કાન સ્પર્શી વર્ણન કર્યું, ચોથાએ પગને અને પાંચમાએ તેના વિશાળ શરીરને 'ટચ' કરી પોતાના અનુભવ મુજબ વર્ણન કર્યુ. આમ દરેક પોતાની રીતે સાચા હતા પણ અધૂરા હતા. તેમનો અનુભવ, અપૂર્ણ હોવા છતાં અધૂરૂ સત્ય હતું. તેમની જ્ઞાન અને સમજ મુજબનુ હતું. કોઈ એક બાજુને જોઈએ તો બીજી અનેક બાજુ બાકી રહી જાય પૂર્ણ તો એજ દેખી શકે જે બધી દ્રષ્ટિએથી જોવા મુક્ત છે. પણ સત્ય જ શસ્ત્રની જેમ ધારદાર અને પાણીદાર બની ને નિપજે છે અને પોતાની અસર બતાવે છે.

– જય જ્ઞાતિમૈયા

# શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિના શ્રી ગોવિંદજી જેવત ખોનાની ગૌરવગાથા અતીતની અટારીએથી......

ભારત વર્ષની ભવ્ય ભૂમિ પર કચ્છની ધીંગી ધરામાં આવેલું ગામ નલિયાના કચ્છી દશા ઓશવાલ જ્ઞાતિએ શેઠ શ્રી નરશીનાથા જેવા અનેક નરરત્નોની ભેટ ધરી છે. એ જ શ્રેણિમાં શોભતું નામ સંઘવી શ્રી ગોવિંદજી જેવત ખોના એટલે જ અનેક સુકૃતોથી સભર એમનું જીવન અત્યંત અનુમોદનીય બન્યું હતું. ધાર્મિક સુકૃતોની સાથે તેઓ પોતાની જન્મભૂમિ નલિયામાં પણ એટલો જ ભોગ આપતા હતા કુદરતનો કેર કચ્છ પર અવાર નવાર ત્રાટકયો ત્યારે તેઓ વિના વિલંબે મદદે જઇને કચ્છવાસીઓમાં અનાજ, કપડાં, ધાબળાં વગેરેનું વિતરણ કરી પોતાનું કર્તવ્ય બજાવતા. તેઓ ગામ મહાજન, શ્રી ચંદ્રપ્રભસ્વામી દેરાસર, પાંજરાપોળ, દવાખાનું અને બાલાશ્રમ તથા નલિયાવાસી પરિવારોની સંભાળ લેતા. શ્રી અંનતનાથજી દેરાસર જૈન ચેરીટીઝ ટ્રસ્ટમાં ટ્રસ્ટી પદે રહીને સેવા પ્રદાન કરી. એમની ન્યાય પ્રિયતા અને સત્યનિષ્ઠાના કારણે ઈસ્ટ ઈંડિયા કોટન એશોસીએશનના ચેરમેન પદે બિરાજીત થયા અને નિષ્ઠાપૂર્વકની સેવાને ધ્યાનમાં લઇને આર્બી ટ્રેટર તરીકે તેઓની નિમણુંક કરી હતી. પોતાના સ્વજનો કે પરિવારજનો જ નહીં પરંતુ અનેક જ્ઞાતિજનોને સહાયક બની તેઓ એમના માટે આદરણીય સ્વજન બન્યા. મોરબીમાં આવેલા ભયંકર કુદરતી આફત વખતે તેઓએ ત્યાંના સાધર્મિકોને ફરીથી પગભર કરવા રૂપે ભકિત કરી. ઇતર કોમને પણ સહાય રૂપે અનાજ, કપડા, ધાબળા, જીવન જરૂરિયાતની સામગ્રીનું વિતરણ કર્યું હતું. નાત જાતના ભેદ આવા ઉત્તમ આત્માઓને નડતા નથી હોતા.

એમના સામાજીક જીવનની એક ઝલક.. જેની ભીતરમાં એક ધર્માત્માનું હૃદય ધબકતું હતું. વેપાર અર્થે કચ્છથી મુંબઈ આવેલા ગોવિંદજીભાઈને એક એવા પારસમણિનો સંસ્પર્શ થયો જેણે એમના જીવનને સોનવર્ણું બનાવી દીધું એ પારસમણિ એટલે જૈન શાસનના મહાન જ્યોતિર્ધર વિરલ વિભૂતિ, આચાર્યદેવ શ્રીમદ્ વિજ્ય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા ! જેમણે ગોવિંદજી ભાઈને મનુષ્ય જન્મની દુર્લભતા અને સાર્થકતા બન્ને સમજાવ્યા.

પૂજ્ય ગુરૂદેવે આપેલી સમજને હૃદયની અંજલિમાં ઝીલી લઈને ગોવિંદજીભાઈએ પોતાના ધર્મપત્ની જ્યાબેનના સથ વારે જીવનને જ સુકૃતોથી મઢી દીધું. પોતાના હૃદયમાં બિરાજમાન પરમાત્માને મુલુંડમાં પોતાના ઘરે પધરાવવા માટે ગૃહમંદિર બનાવ્યું. પરમાત્માની ભકિતમાં તેમનો આત્મા ખરેખર ખીલી ઉઠતો આ પરમાત્મા પ્રીતિ એ કામ એ કર્યું કે હવે તેમને પોતાના સ્વજનો-પરિવારજનો ને પણ પરમાત્માનો પરિચય કરાવવાની ઝંખના જાગી તેથી જ તેઓ પોતાના પુત્ર-પુત્રીના જન્મદિવસ જેવા અવસરોને એ રીતે ઉજવતા કે તેમાં આવનારા પરમાત્માની સમીપ આવે. કયારેક સહુ ને તીર્થયાત્રા કરાવતા તો કયારેક ચૈત્યપરિપાટીના આયોજનો કરતાં. **શ્રી સમેતશિખરજી તીર્થ ઉપર જલમંદીરના જીર્ણોદ્ધારમાં લાભ** લઇ પાયાની ભૂમિકા ભજવી.

ગોવિંદજીભાઈના હૃદયમાં જાગેલી પરમાત્માની પ્રીતિ વધુ ને વધુ ગાઢ બનતી ગઈ પૂજ્ય ગુરૂદેવશ્રીની પ્રેરણા...! તીર્થાધિરાજ શ્રી શત્રુંજ્યગિરિ ઉપર દાદાની ટુંકમાં દેરી નં. ૨૪માં બે પરમાત્માની પ્રતિષ્ઠા અષ્ટાહ્નિકા મહોત્સવ પૂર્વક કરાવી. પૂજ્ય ગુરૂભગવંતશ્રીના સતત સાંનિધ્યમાં રહેનાર તેઓએ રાજસ્થાનની તીર્થભૂમિ સાદડી થી શ્રીરાણકપુર તીર્થનો પંચતીર્થ સહિત છ'રી પાલિત (પ્રથમ સંઘ) કાઢ્યો.

એમનું મન એટલાથી કયાં સંતોષાવાનું? અમૃતના ઘૂંટ તો જેટલા પીએ તેટલા ઓછા જ લાગે એ ન્યાયે પછીના વરસે શ્રી શત્રુંજ્યતીર્થ થી શ્રી કદંબગિરિ તીર્થનો ૧૨ ગાઉનો છ'રી પાલિત (બીજા સંઘનું) આયોજન કર્યું. ભકિતની સાથોસાથ તપનો મહિમા સમજનારા તેઓએ પાલિતાણામાં નવપદજીની ઓળીની આરાધના અનેક ભાગ્યશાળીઓને કરાવીને લાભ લીધો અને ગંધારતીર્થમાં શ્રી સંભવનાથ સ્વામી ભગવાનની પ્રતિષ્ઠા કરાવી.

**નવું વર્ષ આવે ને ગોવિંદજીભાઈ અને જ્યાબેનના હૈયામાં ભકિતના નવા-નવા મનોરથો જાગે !** એ મનોરથો પણ કેવા અદ્ભુત કે પૂજ્ય ઉપકારી માતા-પિતા-પુત્ર-પુત્રી દરેકના નામે ખાણમાંથી અત્યંત સફેદ આરસપહાણ કઢાવી પોતાના ઘરે જ સોમપુરાઓ પાસે શુદ્ધ વિધિપૂર્વક શ્રી જિનપ્રતિમાનું નિર્માણ શરૂ કરાવ્યું ! એમની ઈચ્છા જ એવી કે ફલિત થયા વગર રહે નહિ...

# શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિના શ્રી ગોવિંદજી જેવત ખોનાની ગૌરવગાથા અતીતની અટારીએથી......

પરિવારમાં પણ આ મારા ભગવાન ! એવી પરમાત્મા પ્રત્યેની મમત્વ ભાવનાના બીજ રોપ્યાં ! સમય વીતતો ગયો અને શ્રી જિનપ્રતિમાઓ ઘડાઈને તૈયાર થઈ ગઈ હવે પ્રતિક્ષા હતી પ્રાણપ્રતિષ્ઠા કરનારા પૂ. ગુરૂદેવની. ૧૦ વર્ષના અંતરાલ પછી મુંબઈ પધારી રહેલા શાસન પ્રભાવક ભવભજલતારક ધર્મદાતા ગુરૂભગવંતનો એમણે ભવ્યાતિભવ્ય પ્રવેશ મહોત્સવ કર્યો. સાચા હિરાની ગહુલીથી પરમતારક ગુરુદેવને વધાવ્યા, રચના સહિત શ્રી અષ્ટાપદજી તીર્થની પૂજા તથા લઘુશાન્તિ સ્નાત્ર સહ અષ્ટાહ્નિકા મહોત્સવ ઉજવીને મંગલ કર્યું.

માટુંગામાં જીવણ અબજી જ્ઞાનમંદિરમાં પૂજ્ય ગુરૂદેવનું ચાતુર્માસ કરાવ્યું અને ચાતુર્માસ પરિવર્તન ''ગિરિવિહાર પોતાના નિવાસ સ્થાને'' કરાવીને લાભ લીધો. મંગલ મુર્હૂતો અને શુભ ઘડીએ નિર્માણ કરેલ શ્રી જિન્નબિંબોની અંજનશલાકાનો મુંબઇમાં પ્રથમ વખત ૨૧ દિવસનો ભવ્ય મહોત્સવ માંડ્યો. આ ભવ્યાતિભવ્ય અંજનશલાકા મહોત્સવે આખા મુંબઈને ઘેલું લગાડયું હતું, આખા મહોત્સવ દરમ્યાન પ્રતિદિન ત્રણેય સમયની સાધર્મિક ભકિત આદરપૂર્વક બેસાડીને કરાવી. મુંબઇમાં પ્રથમ વખત આવો અંજનશલાકા મહોત્સવ સંપન્ન થયો હશે.

પ્રભુભકિતની સાથે જ એમના હ્રધ્યમાં ઉછળતી ગુરૂભકિત એમના પ્રસંગોમાં નજરે ચડતી, ઘરઆંગણે જ શ્રી નંદીશ્વરદ્વીપની પૂજા રચના સહિત ભણાવીને પૂ. ગુરૂદેવના ફાગણ વદ ૨ ના ૫૩મા વડીદીક્ષા દિનની ઉજવણી કરી, ગૃહમંદિર પણ સંગેમરમરી સુંદર ધવલ પાષાણમાં એવું તૈયાર કરાવ્યું કે જોતા જ અહોભાવ જાગે એમાં બિરાજમાન થનારા શ્રી મુનિસુવ્રતસ્વામી પરમાત્માની ચલપ્રતિષ્ઠાની મંગળ ઘડી આવી. આ પ્રસંગે સોના માં સુગંધ ભળે એમ એક મુમુક્ષુ ભાઈની દીક્ષા કરાવવાનો લાભ લીધો. જેઓ શ્રી નરવાહન વિજ્યજી મ.સા. બન્યા.

ગૃહમંદિરમાં તો પ્રભુ પ્રતિષ્ઠા કર્યા બાદ હવે અગિયારેય પરમાત્માને બીરાજમાન કરવા સ્વદ્રવ્યથી જિનાલય નિર્માણ કરવાની ભાવના હતી તે માટે યોગ્ય જગ્યામેળવવા માટે ચારે તરફ નજર દોડાવી. ''ઉત્તમ અને સમર્પિત આત્માઓ પર પ્રભુકૃપા અને ગુરૂકુપા'' કેવી વરસતી હોય છે તે જોવું હોય તો ગોવિંદજીભાઈના જીવનમાં સાક્ષાત્ દેખાઈ આવે !

એમની ભાવનાને સાકાર કરે તેવી ભૂમિ શાશ્વત તીર્થાધિરાજ શ્રી શત્રુંજયગિરિ પર તળેટી અને બાબુના દેરાસરની વચ્ચે પ્રાપ્ત થઈ ! અને સંગેમરમરમાં નાજુક જિનાલયનું સ્વદ્રવ્યથી જ નિર્માણ કરાવવાનો એમનો મનોરથ અહીં સાકાર બન્યો! ખનન અને શિલાસ્થાપન બાદ જિનાલયનું કામ તેજગતિથી શરૂ કરાવ્યું.

આ દરમ્યાન પણ જાણે સુકૃત અનુષ્ઠાન વગર ચેન ન પડતું હોય તેમ એમણે શ્રુતભકિત નિમિતે ૪૫ આગમની પૂજા નો ભવ્ય ઉત્સવ ઘરમાં આગમ પધરાવીને ઉજવ્યો.

નૂતન જિનમંદિરનું કામ તો હવે પૂર્ણતાના આરે પહોંચ્યું હતું. હવે અગિયારે શ્રી પ્રતિમાજીઓ બહુમાનપૂર્વક પાલિતાણા લઈ જવાનું આયોજન તેમના મનમાં ચાલવા લાગ્યું પણ પૂજ્ય ગુરૂભગવંત કે જેઓના વરદ હસ્તે પ્રતિષ્ઠા કરાવવી હતી તેઓશ્રી ખંભાત માં બિરાજમાન હતાં તેથી મુંબઈથી અનેક સ્વજનો અને સાધર્મિકો બસ મારફત અનેક તીર્થોને જુહારતા ખંભાત જવું. એવું આયોજન થયું અને ૧૨૦૦ આરાધકો સાથે કદાચ પ્રથમ વખત આવું ભવ્ય આયોજન થયું હશે.

દેવવિમાન તુલ્ય વિશાળરથ તૈયાર કરાવી ને પોતાના પ્રાણથી પણ પ્રિય એવા અગિયાર શ્રી પ્રતિમાજીઓને તેમાં અત્યંત બહુમાન પૂર્વક પધરાવી ને બહુ જ ધૂમધામથી સંઘનું પ્રયાણ કરાવ્યું થાણા વાપી, સુરત, કાવી, ગંધાર, ઝઘડિયાજી, પાદરા અનકે તીર્થોને જાુહારતાં જાુહારતાં સંઘ સાથે ખોના પરિવાર ખંભાત પહોચ્યો. અહીથી પૂજ્ય ગુરૂદેવશ્રીની સાથે છ'રીના પાલનપૂર્વક શ્રી સિધ્ધગિરિરાજના (ત્રીજા સંઘનું) ઠાઠમાઠથી ભવ્ય પ્રયાણ થયું. દરેક મુકામ પર રત્નપુરી નગરીની રચના થતી. અનકે શામિયાણાઓની બનેલી આ વિશાળ નગરીને તથા દેવ વિમાન સમાન સંદેશ જિનમંદિર રથને નિહાળવા આસપાસના ગામના લોકોના ટોળેટોળાં ઉમટી પડતાં. પધારનાર સાધર્મિકોની ભકિત કરાવી અને જૈનેતરોને અનુકંપાદાન અપાતું. અત્યંત ઉદારતાપૂર્વક અને હદયના અનન્ય ભકિતભાવ સાથે આ સંઘ શ્રી સિદ્ધગિરિની છત્ર છાયામાં પહોચી ને દાદાના દરબારમાં સપરિવાર તીર્થમાળ પહેરી શ્રી આદીશ્વરદાદા ને મુગટ તથા નવલખો હાર પહેરાવી ને શિખર પર નવી ધજા લહેરાવી !

અગિયાર પરમાત્મા બિંબો સાથે પલિતાણા પહોંચ્યા પછી પ્રતીક્ષા હતી પ્રતિષ્ઠાના મુહૂર્તની ! એ ધન્યદિન મંગલ મુહૂર્ત અને શુભ ઘડી હતી. વિક્રમ સંવત ૨૦૨૫ ના વૈશાખ સુદ ૬, બુધવાર, સને ૧૯૬૯માં દરેક શ્રી પરમાત્માને સ્વદ્રવ્યથી

## શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિના શ્રી ગોવિંદજી જેવત ખોનાની ગૌરવગાથા અતીતની અટારીએથી......

નિર્મિત નૂતન જિનાલયમાં પોતાના ઉપકારી ગુરૂ ભગવંતશ્રીની વરદનિશ્રામાં મહામહોત્સવ પૂર્વક પ્રતિષ્ઠા કરી ! સોનામાં સુગંધ ભળે તેમ આજ દિવસે ઉપકારી ગુરુભગવંતનો સૂરિપદ પ્રાપ્તિનો શુભદિવસ હતો. જીવનનાં તમામ સુકૃતોના શિખર પર જાણે કળશ ચડાવ્યો ! એ **શ્રી ધર્મનાથ જિનપ્રાસાદ ની ૫૦ મી સાલગિરિના અવસરે** અમારા હૃદય આનંદથી ઉછળે અને ગૌરવ અનુભવે તે સ્વાભાવિક જ છે.

વિ.સં. ૨૦૨૫ની સાલનું પૂ. ગુરૂદેવશ્રીનું ચાતુર્માસ શાશ્વત તીર્થભૂમિ-પાલિતાણામાં કરાવ્યું. અને ચતુર્વિધ શ્રી સંઘને તળેટીની ૯૯ યાત્રા કરાવી.

સુકૃતોની શૃંખલામાં પછીના વરસે પૂ. ગુરૂદેવનું ચાતુર્માસ જામનગરમાં હતું ત્યાં મેરૂપર્વતની રચના સહિત સ્નાત્ર મહોત્સવની ભવ્ય ઉજવણીનો લાભ લીધો. કચ્છ નલિયામાં શ્રી ચન્દ્રપ્રભસ્વામી પ્રભુની ટુંકમાં શ્રી પાર્શ્વનાથ પ્રભુની પ્રતિષ્ઠા કરાવી.

દર વર્ષે ચાતુર્માસમાં દોઢ-બે મહિના ગુરૂનિશ્રામાં સપરિવાર રહેનારા તેઓ જિનવાણી શ્રવણના અનુરાગી હતા. પૂ. ગુરૂદેવ જે ફરમાવે તે તરત ઝીલી લઈ અમલ કરવાનો એમનો સ્વભાવ હતો એક વખત પ્રવચનમાં પૂ. ગુરૂદેવે સંઘપૂજાની વાત કરતા કહ્યું કે વિધિ પૂર્વક સંઘપૂજા કરવી એ શ્રાવકનું કર્તવ્ય છે. એ જ પ્રવચન ના અંતે ગોવિંદજીભાઈએ સકલ શ્રી સંઘનું (એ સમયે) ૧ રૂપિયો તથા શ્રીફળ આપી તિલક કરીને બહુમાન પૂર્વક સંઘપૂજન કર્યું જેના અનુકરણ આજે પણ ઘણા સંઘોમાં થાય છે.

દરેક પ્રસંગ ઉડીને આંખે વળગે એવી ઉદારતા સાથે એમની અપૂર્વ વિનમ્રતા ! આવો સુયોગ મળવો બહુ દુર્લભ કહેવાય છે પણ ગોવિંદજીભાઈના જીવનમાં એ સહજ નજરે ચડી આવતો સ્વભાવમાં કે વ્યવહારમાં કયાંય મોટાઈ નહી. બલ્કે હમેશા કોઈના પણ માટે સહાયક બની રહેવાના ગુણથી તેઓ બધાથી અલગ તરી આવતા.

જેમ શ્રી જિનપ્રતિમાનું નિર્માણ ઘરે કરાવ્યું, તેવી જ રીતે લહિયાને ઘરે બેસાડીને વિધિ અને શુધ્ધિ પૂર્વક પાંચ આગમો સોનાની શાહીથી લખાવ્યા અને પાંચ છોડ ભરાવીને ઉદ્યાપન મહોત્સવ કર્યો.

શ્રી મહાવીસ્વામી પરમાત્માના ૨૫૦૦ માં નિર્વાણ કલ્યાણકની ભવ્ય અને શાસ્ત્ર સંગત તથા પરમાત્માના અનુપમ વ્યકિતત્વને છાજે તેવી અદભૂત રથયાત્રા નું આયોજન શ્રી લાલબાગ જૈન સંઘમાં કરી લાભ લીધો.

તીર્થભકિત પણ કેવી વસી હશે એમના હૃદયમાં કે શ્રી શાશ્વત ગિરિરાજ પર તો જિનમંદિર નું નિર્માણ કર્યું પણ ત્યાં જ ન અટકતાં આબુ તીર્થમાં લુણવસહી તેમ જ વિમલવસહીમાં પાંચ દેરીનો લાભ લઈ પાંચ પરમાત્માની પ્રતિષ્ઠાનો લાભ લીધો ચૌમુખજીના મંદિરમાં પણ શ્રી પાર્શ્વનાથ પ્રભુની પ્રતિષ્ઠાનો લાભ લીધો. શ્રી હસ્તગિરિજી તીર્થમાં શ્રી કુંથુનાથ સ્વામી ભગવાન પ્રતિષ્ઠાની દેરી નં. ૩૪માં કરાવી. વળી શાસનપતિ પ્રભુ શ્રીવીર પરમાત્માની અંતિમ દશેના ભૂમિ રૂપ સમવસરણતીર્થ-પાવાપુરીમાં શ્રી મહાવીર સ્વામી પરમાત્માની પ્રતિષ્ઠા નો અમૂલ્ય લાભ લીધો.

ગોવિંદજીભાઈ અને જ્યાબેન દરેક પ્રસંગને ઉદારતાથી મઢી દેતા. એટલું જ નહી. દરકે બાબતમાં પૂજ્ય ગુરૂદેવશ્રીની આજ્ઞાને શિરોધાર્ય કરીને જ આગળ વધતાં સાંસારિક વ્યવહારો માં નીરસતા અનુભવનારા તેઓ કયારયે પણ પોતાનું ઉચિત કર્તવ્ય ચૂકતા નહોતા પરિવાર પણ તેમના ઉત્તમ સંસ્કારોના સીંચનથી એ જ માર્ગે આગળ વધતો રહ્યો તેઓશ્રીના આત્મશ્રેયાર્થે માટુંગામાં પૂ. ગુરૂદેવશ્રીની ઘરે પધરામણી કરી તેઓશ્રીની નિશ્રામાં જિનભકિતનો મહોત્સવ યોજ્યો. શ્રી શત્રુંજય તીર્થ ઉપર શ્રી ધર્મનાથ જિનપ્રાસાદના પરિસરમાં તેઓની ભાવનાને સાકાર કરતું સુંદર ગુરૂમંદિર બનાવી તેમાં ગુરૂમૂર્તિની પ્રતિષ્ઠા કરાવી. મુંબઇમાં સૌ પ્રથમ માટુંગાના ગૃહમંદિરમાં પણ ગુરૂમૂર્તિની પ્રતિષ્ઠા કરી તેમ જ માટુંગામાં ઉજ્વાયેલા ભવ્ય અંજનશલાકા મહોત્સવ તેમજ ચાતુર્માસ અને શ્રી સિમંધરસ્વામી જિનાલયના જીર્ણોદ્ધારમાં મુખ્ય આયોજક તરીકે લાભ લીધો. દેવાચી આણદીમાં દેરી નં. ૭૬ માં શ્રી પાર્શ્વનાથ પરમાત્માને બીરાજમાન કર્યા.

શ્રી ગોવિંદજી જેવત ખોના-જ્યાબેન ગોવિંદજી ખોના દ્વારા સ્વદ્રવ્યથી નિર્મિત શ્રી ધર્મનાથ જિનપ્રસાદની અર્ધ શતાબ્દીના આ અવસરે અમારો પરિવાર ગૌરવ અનુભવે છે. દુનિયામાં વારસો તો બધા માતા-પિતા આપી જતાં હોય છે પરંતુ આવો અલૌકિક અને અમૂલ્ય વારસો આપનારા માતા-પિતા જગતમા વિરલ જ હોય છે આ અવસરે એમના ચરણોમાં શત-શત વંદન...

# શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિના શ્રી ગોવિંદજી જેવત ખોનાની ગૌરવગાથા અતીતની અટારીએથી......

વંદનકર્તા....

સૌ. ધનલક્ષ્મી-મધુકર
બેન પ્રિતી
બેન શીલ્પા-હેમાંગકુમાર
કીતીકા
સૌ. સંજના-કૌશીક

બેન ભારતી દિપકકુમાર
બેન દીપ્તી, બેન કેતકી
સૌ. આશા-ગૌતમ

બેન કુસુમબેન મહેન્દ્રકુમાર
બેન હિરલ જીગ્નેશકુમાર
બેન ડિમ્પલ મૂલરાજકુમાર
બેન સ્નેહલ ધર્મેશકુમાર
જય

સૌ. વિણા-રાજેન્દ્ર
બેન જીનાલી નિરજકુમાર
નેમીશ-ધ્વની
સૌ. દીપાલી અમિશ
ધ્વનીલ-ભવિક
બેન પ્રિયંકા જતીનકુમાર
શ્લોક-નમન

બેન રશ્મિ ભરતકુમાર
બેન કોશા
ચિ. વિશીલ
(પૂ. ગણિવર્ય શ્રી વિનયવર્ધન વિજયજી મ.)

બેન સુનિતા પ્રતાપરાય
બેન ઋજુતા

સૌ. રીના-રવિન્દ્ર
સૌ. કૃતિકા-પીયેન
કુમારી કિમાયા

સૌ. હિના-દેવેન્દ્ર
સૌ. વિશાખા-વિનમી

બેન અમિતા અતુલકુમાર
બેન કીશીતા ધવલકુમાર
બેન હર્ષીની અંકુશકુમાર

## તારીખ અને તવારીખ

ઈ.સ.

૧૯૪૭ : કવિકુટીલ પૂ. આ. દેવ શ્રીમદ્ વિજ્ય લબ્ધિ સૂ. મ. ની. તારક નિશ્રામાં મુલુંડ નિવાસસ્થાને ગૃહમંદિર બનાવ્યું. શ્રી નવપદજીની ઓળીની આરાધના કરાવી. ભવોદધિતારક પૂજ્ય આચાર્ય દેવ શ્રી. વિ. મુકિતચંદ્ર સૂ. મ. ની. નિશ્રામાં પરમ પૂજ્ય ગુરૂદેવ શ્રીમદ્ વિજ્ય રામચંદ્રસૂરીશ્વરજી મ. સા. ની પ્રતિકૃતિ મુલુંડના ઉપાશ્રયમાં મૂકવાનો લાભ લીધો.

૧૯૫૨ : ચિ. રાજેન્દ્રની પ્રથમ વર્ષગાંઠ નિમિત્તે શ્રી અગાશી તીર્થની રેલ્વે દ્વારા ૪૦૦ સાધર્મિકોને યાત્રા કરાવી.

૧૯૫૪ : શ્રી વર્ધમાન તપનો પાયો નાખ્યો અને ઉજમણાપૂર્વક અનુષ્ઠાન કર્યું.

૧૯૫૬ : પાવાપુરીજી તીર્થમાં સમવસરણ મંદિરમાં શ્રી મહાવીર સ્વામી પરમાત્માનું જિનબિંબ ભરાવી પ્રતિષ્ઠા કરાવી.

૧૯૫૭ : શ્રી સમેતશિખરજીના જલમંદિરના જિર્ણોદ્ધારમાં મુખ્ય દાતા

૧૯૫૮ : ચિ. રવિન્દ્રની પ્રથમ વર્ષગાંઠ નિમિત્તે અમદાવાદમાં હઠીભાઈની વાડીના જિનાલયની ચૈતયપરિપાટીનું આયોજન કર્યું. મુંબઈમાં ૪૦૦ સાધર્મિકોને બોરીવલી, થાણા, વાલકેશ્વરની ચૈત્યપરિપાટી બસ દ્વારા કરાવી.

૧૯૫૯ : શ્રી શત્રુંજ્ય ગિરિરાજ પર દેરી નં. ૨૪માં ગોખલામાં શ્રી નેમિનાથ સ્વામી પરમાત્મા તથા શ્રી અભિનંદન સ્વામી પરમાત્માની પ્રતિષ્ઠા અષ્ટાહિનકા મહોત્સવ પૂર્વક કરાવી.

૧૯૬૦ : સાદડીથી રાણકપુરજી તીર્થનો પંચતીર્થ સહિત છ'રી પાલિત સંઘ કાઢયો.

૧૯૬૧ : શ્રી શત્રુંજ્ય તીર્થથી શ્રી કદંબગિરિ તીર્થનો ૧૨ ગાઊનો સંઘ કાઢયો. પાલિતાણામાં શ્રી નવપદજીની ઓળીની આરાધના કરાવી.

૧૯૬૨ : ચતુર્વિધ શ્રી સંઘને ખંભાતના જિનમંદિરોની ભવ્ય ચૈત્યપરિપાટી કરાવી. ખાણમાંથી વિધિપૂર્વક પાષાણ કઢાવી ઘરમાં જ વિધિ તથા શુધ્ધિપૂર્વક શ્રી જિનબિંબોનું નિર્માણ કરાવ્યું.

૧૯૬૩ : પૂજ્ય ગુરૂદેવશ્રીનો મુંબઈ-માટુંગામાં ભવ્યાતિભવ્ય પ્રવેશ મહોત્સવ કરાવ્યો. અને પ્રસંગે રચનાસહિત શ્રી અષ્ટપદજી તીર્થની પૂજા, લઘુશાંતિ સ્નાત્ર સહિત શ્રી અષ્ટાહ્નિકા મહોસવ કર્યો. ચાર્તુમાસની પૂર્ણાહૂતિ પ્રસંગે ચાર્તુમાસ પરિવર્તન કરાવ્યું.

૧૯૬૫ : ૨૧ દિવસનો ભવ્યાતિભવ્ય - અભૂતપૂર્વ શ્રી અંજનશલાકા મહોત્સવ કરાવ્યો. ગૃહમંદિરમાં શ્રી મુનિસુવ્રત સ્વામિ ભગવાન પધારાવ્યા. માટુંગામાં ગૃહાંગણે રચનાસહિત શ્રી નંદિશ્વર દ્વીપની પૂજા ભણાવી. પૂ. ગુરૂદેવની ફાગણ સુદ ૨ની વડી દીક્ષાના ૫૩ મા વર્ષની ઉજવણી કરી.

## શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિના શ્રી ગોવિંદજી જેવત ખોનાની ગૌરવગાથા અતિતની અટારીએથી......

૧૯૬૬ : ગૃહમંદિરમાં ચલપ્રતિષ્ઠા તથા દીક્ષા નિમિત્તે અઠ્ઠાઈ ઉત્સવ કરાવ્યો. પૂ. મુનીશ્રી નરવાહન વિજયજી મ. સા. ની દીક્ષા કરાવી.

૧૯૬૭ : શ્રુતભકિત નિમિત્તે ૪૫ આગમની ભવ્ય રથયાત્રા કાઢી. ઘરમાં આગમ પધરાવી ૪૫ આગમની પૂજા ભણાવી.

૧૯૬૮ : શ્રી શત્રુંજ્ય મહાતીર્થની તળેટી ઊપર શ્રાવણ મહિનામાં શ્રી ધર્મનાથ જિનપ્રાસાદનો ખનન તથા શિલારોપણ કર્યું.

૧૯૬૯ : મુંબઈથી ખંભાત બસ દ્વારા તથા ખંભાતથી પાલિતાણાનો છ'રી પાલક સંઘ કાઢ્યો શ્રી ધર્મનાથ સ્વામી આદિ ૧૧ પરમાત્માઓને દેવવિમાન તુલ્ય રથમાં પધરાવી સંઘસમેત પાલિતાણા લાવ્યા. શ્રી શત્રુંજયની તળેટી પર સ્વદ્રવ્યથી નિર્મિત સંગેમરમરના ભવ્ય જિનાલયમાં શ્રી ધર્મનાથ સ્વામિ આદિ ૧૧ શ્રી જિનાબિંબોની અષ્ટાહ્નિકા મહોત્સવપૂર્વક પ્રતિષ્ઠા કરાવી. પૂ. ગુરૂદેવને શાશ્વત તીર્થભૂમિમાં ચાતુર્માસ કરાવી લાભ લીધો. શ્રી ચતુર્વિધસંઘને ગિરિરાજની તળેટીની નવ્વાણું યાત્રા કરાવી.

૧૯૭૦ : જામનગરમાં મેરૂપર્વતની રચના સહિત સ્નાત્ર મહોત્સવની ભવ્ય ઉજવણી કરી. કચ્છ નલિયામાં શ્રી ચંદ્રપ્રભસ્વામિ ભગવાનની ટુંકમાં શ્રી પાર્શ્વનાથ ભગવાનની પ્રતિષ્ઠા કરી.

૧૯૭૨ : સિંકદરાબાદમાં જિનાલયના શિલાસ્થાપનમાં વિશિષ્ટ લાભ લીધો. ફાગણ સુદ ૧૨ ગંધાર તીર્થમાં શ્રી સંભવનાથ સ્વામી ભગવાનની પ્રતિષ્ઠા કરી. સાંતાક્રુઝમાં ઉપાશ્રયનાં ખનનવિધિ કરાવવાનો લાભ લીધો. બેલગામ સમીપ ગાટીવાડી ગામે શ્રી જિનાલયનાખનનવિધિ કરાવવાનો લાભ લીધો. પ.પૂ. આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મ.સા. ને શ્રી આચારાંગ સૂત્ર વહોરાવ્યું.

૧૯૭૩ : ગૃહમંદિરમાં શ્રી સિમંધર સ્વામી ભગવાનની ચલપ્રતિષ્ઠા કરાવી અને ઘરે લહિયા પાસે વિધિપૂર્વક પાંચ આગમો સોનાના અક્ષરે લખાવ્યા

(૧) શ્રી સમવાયાંગ સૂત્ર : ભાગ ૧, ૨, ૩, (૨) શ્રી સૂત્રકૃતાંગ સૂત્ર,(૩) શ્રી અનુત્તરોપ પાતિકદશા સૂત્ર, (૪) શ્રી ઔપપાતિક સૂત્ર, (૫) શ્રી અનુયોગ દ્વાર સૂત્ર લખાવ્યા તથા પાંચ છોડ ભરાવવા પૂર્વક ઉજમણું કર્યું.

૧૯૭૪ : ચરમતીર્થપતિ શ્રી મહાવીર પરમાત્માના ૨૫૦૦ માં નિર્વાણ કલ્યાણકનો ભવ્યાતિભવ્ય રથયાત્રા શ્રી લાલબાગ જૈન સંઘમાં આયોજન કર્યું અને લાભ લીધો.

૧૯૭૯ : આબુતીર્થમાં વિમલવસહીમાં દેરી નં. ૨૦ માં શ્રીમહાવીર સ્વામિ ભગવાનની તથા દેરી નં. ૫૫ માં શ્રી મલ્લિનાથ સ્વામિની પ્રતિષ્ઠા કરાવી.

૧૯૭૯ : લુણવસહીમાં દેરીનં : ૩૫ માં શ્રી આદિશ્વર પરમાત્માની દેરીનં : ૪૫ માં શ્રી આદિશ્વર પરમાત્માની તથા પાર્શ્વનાથ ભગવંતની પ્રતિષ્ઠા કરાવી. ચૌમુખજીમાં પ્રથમ માળે શ્રી પાર્શ્વનાથ ભગવાનની પ્રતિષ્ઠા કરાવી.

૧૯૮૩ : શ્રી હસ્તગિરિજી તીર્થમાં દેરી નં : ૨૪ માં શ્રી કુંથુનાથ સ્વામી ભગવાની પ્રતિષ્ઠા કરી.

૧૯૮૮ : પરમ પૂ. પિતાશ્રી ગોવિંદજી જેવંત ખોનાના આત્મશ્રેયાર્થે પૂ. ગુરૂદેવ નિશ્રામાં ગૃહાંગણે જિનભકિત મહોત્સવ કર્યો.

૧૯૯૩ : મુંબઈમાં સૌ પ્રથમ ગુરૂમુર્તિની ગૃહમંદિરમાં પ્રતિષ્ઠા કરાવી.

૧૯૯૪ : શ્રી શાશ્વત તિર્થાધિરાજ શ્રી ધર્મનાથ જિનાલયના પરિસરમાં જય તળેટીને સ્પર્શીને જ આ કાળના સુવિશુદ્ધ પ્રરૂપક, યુગપ્રધાન કલ્પ, પરમતારક પરમગુરૂદેવ પ.પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજાની સૌપ્રથમ ગુરુમૂર્તિની પ્રતિષ્ઠા કરાવી. દોહિત્ર વિશીલકુમારની ભાગવતી દિક્ષા : જેઓ હાલ પૂ. ગુરૂદેવશ્રીજીના પટ્ટધર રત્ન પૂ. આ. દેવ શ્રીમદ્ વિજય નયવર્ધન સૂરીશ્વરજી મ. સા. ના શિષ્ય પ. પૂ. ગણિવર્ય શ્રી વિનયવર્ધન વિજ્યજી મ. સા. ના નામે સુંદર આરાધના કરી રહયા છે.

૧૯૯૭ : શ્રી શંખેશ્વર તીર્થે નવકારશી કરવાની વ્યવસ્થા ન હોવાના કારણે વંડામાં દર પૂનમે નવકારશી ૧૭ માસ સુધી ચાલુ રાખી.

૧૯૯૮ : માટુંગામાં ભવ્યાતિભવ્ય અંજનશલાકા મહોત્સવ તથા શ્રી મહાવીર બિલ્ડીંગ દહેરાસરના જિર્ણોધ્ધારમાં મુખ્ય આયોજક.

૧૯૯૯ : દેવાચી આણંદીમાં પ.પૂ.આચાર્યદેવ શ્રીમદ્ વિજય કીર્તિયશસૂરીશ્વરજી મ.સા. ની નિશ્રામાં જિનબિંબ પ્રતિષ્ઠા કરાવી.

૨૦૦૦ : માટુંગામાં પ.પૂ.આચાર્યદેવ શ્રીમદ્ વિજય કીર્તિયશસૂરીશ્વરજી મ.સા. નું ભવ્ય ચાર્તુમાસમાં મુખ્ય આયોજક હતા.

# ગુણોદયપૂરમ પાલીતાણામાં અખાત્રીજે પારણા સાથે અચલગચ્છ સ્થાપના ઉજવાશે

સૂરિભગવંતોની કૃપાથી અધ્યાત્મ યોગી ગુરૂદેવશ્રી ઉદયરત્નસાગરજી મ.સા.આદિઠાણા ૪૨ની પાવન નિશ્રામાં મુનિશ્રી તીર્થરત્નસાગરજી મ.સા.ના ૧૬માં તથા મુનિ શ્રી હિતવર્ધન સાગરજી મ.સા.ના ૨૬ વર્ષીતપના પારણા નિમિત્તે વૈશાખ સુદબીજને સોમવાર તા. ૬મે ૨૦૧૯ સવારે ૧૦ થી ૧૨ પૂજ્યવરોના સાંનિધ્યે શ્રી સિમંધર સ્વામી પંચકલ્યાણ પૂજાનું વિશિષ્ટ આયોજન છે તથા આખાત્રીજના પવિત્ર દિને તા. ૭મે મંગળવાર સવારે ૯.૩૦ થી ૧૧.૩૦ પારણા મહોત્સવ એવં અચલગચ્છ સ્થાપના દિવસનો અતિસુંદર કાર્યક્રમ રહેશે. તો આ પાવન પ્રસંગે સર્વે ગુરૂભક્તો, મહેમાનો અને સર્વેજનોને પધારવાનું હાર્દિક આમંત્રણ છે.

# વડોદરામાં વિવિધલક્ષી હોલ રિનોવેશનનું ખાત મુહૂર્ત

સંવત ૨૦૭૫ ચૈત્ર વદ ૨ ને તા. ૨૧-૪-૨૦૧૯ ને રવિવાર ના શુભ દિન વિવિધલક્ષી હોલના રિનોવેશનનું ખાત મુહૂર્ત વડોદરા સંઘના પ્રમુખ શ્રી હિરેન્દ્ર કાંતીલાલ મોતા તથા સમસ્ત મહાજનના સેક્રેટરી જનરલ શ્રી નિશીથ આનંદીલાલ દંડના હસ્તે કરવામાં આવ્યુ. શાઈનિંગ સ્ટાર પાઠશાલા શ્રી અજિતભાઈ મોકાશી (અંર્તમન સાથે મૈત્રી-બુકના ઓથર, માઈન્ડ પાવર ના ટ્યુટર) દ્વારા ૪ વર્ષથી ૮૦ વર્ષ ના દરેક વ્યકિત માટે પાઠશાલાના મહત્વ વિશે ઉદબોધન બાદ શ્રી ચંદ્રેશ પદમશી છેડા દ્વારા પાઠશાળાના ઉદ્દેશ્યો વિષે માહિતી આપવામાં આવી.

સમસ્ત મહાજન પ્રયોજીત સ્વાભિમાન પ્રોજેક્ટ માટે વડોદરાના ડેટા કંપાઈલ કરીને સમયસર મુંબઈ મોકલવા બદલ વડોદરાના યુવા કાર્યકર્તા શ્રી નિમેશ કિશોર ધુલ્લાનું બહુમાન કરવામાં આવ્યુ.

## શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન

### પ્રોજેક્ટ સ્વાભિમાન હેઠળ યોજવામાં આવનારી પ્રવૃત્તિઓની એક ઝલક

- **દર મહિને આરોગ્યને લગતો એક ન્યુઝ લેટર :** કેડીઓના ડોક્ટરોની મદદ લઇને અમે સિનિયર સિટિઝનોને ઉપયોગી નીવડે એવી આરોગ્ય, ડાયટ, લાઇફસ્ટાઇલ, કસરત વગેરેને લગતી માહિતિ સાથેના માસિક લેખો પ્રગટ કરીશું.
- **કેડીઓ હોમ સ્ટે/ એર બીએનબી :** બહારગામના કેડીઓ પરિવારો, વિદ્યાર્થીઓ, વ્યાવસાયિકોને ટૂંકા ગાળા માટે અથવા લાંબા સમય માટે રહેઠાણની સુવિધા આપવાની સિનિયર સિટિઝનોને તક આપવામાં આવશે.
- **ઘરેથી કામ કરવાની સુવિધા/ પાર્ટ ટાઇમ જોબ :** જેમને આવા જોબમાં રસ હોય એ પોતાના રસ અથવા કુશળતાના વિષયો જણાવી શકે છે, જેના આધારે સ્વાભિમાન ટીમ એ પ્રકારના કામ કરાવવાની જેમને જરુર હોય એમની સાથે સિનિયર સિટિઝનોને મેળવી આપશે.
- **અન્ય પ્રવૃત્તિઓ જેવી કે :** કોર્પોરેટ સીએસઆર, મનોરંજક કેન્દ્રો, વૃદ્ધાશ્રમો, ટેકનોલોજીના બેઝિક ઉપયોગ વગેરે.

**આ ઉપરાંત અલગ અલગ મહાજનો પોતાની રીતે નવી પ્રવૃત્તિઓ શરુ કરી શકે છે. જેમ કે:**

- દરેક મહાજનની ટીમ સ્વાભિમાનના સભ્યો દર મહીને સગવડ અનુસારની જગ્યાએ મળે. (દૂર રહેતા સભ્યો બે ત્રણ જૂથોમાં વહેંચાઇને મળી શકે છે).
- ઇનડોર ગેમ્સ અથવા હોબીઝ ડેનું આયોજન કરી શકે છે.
- જન્મદિનની પાર્ટી અથવા મહીનાના કોઇ ખાસ દિવસની ઉજવણી કરવી
- બેન્કીંગ, આધાર, વસતિપત્રક એપ, ફેસબૂક વગેરે જેવી ઓનલાઇન સર્વિસનો ઉપયોગ કરવો
- જાત્રાનું આયોજન કરવું અથવા અન્ય ટ્રિપ્સ કરવી.

આ તો હજુ શરુઆત છે. દરેક મહાજન પોતાના વિસ્તારની વિશેષ જરુરિયાતોને લગતા સૂચનો મોકલી શકે છે અને સુધારા માટેનું ફીડબેક અમને આપી શકે છે.

ચેરપર્સન - હેમાબેન ગુલાબ છેડા        કન્વીનર - હંસ ભવાનજી ખીમજી

# ૯૯ યાત્રાના યુવા યાત્રિકોની અનુમોદના






સિધ્ધાચલ ૯૯ યાત્રાના યુવા યાત્રિક ગૌરવ કેનીલ લાલકા તા. ૩ મે ૨૦૧૯ શુક્રવારે આંખે પાટા બાંધીને આદેશ્વર ભગવાનના દર્શન કરવા માટે સંપૂર્ણ યાત્રા કરેલ અને કષ્ટ પૂર્ણ રીતે યાત્રા કરી ગુરૂભગવંતના દર્શન કરીને પાટો ખોલેલ. આવી અનેરી ધર્મ ભાવના ભરી ભક્તિ માટે અનુમોદનાથી વધાવીએ.

---

## શ્રી નાગડા ગોત્રના કુળદેવી શ્રી અંબેમાંની સમૂહ પહેડી

**તા. ૩ - ૪ જુલાઈ ૨૦૧૯, વિક્રમ સવંત ૨૦૭૫, આષાઢ સુદ - ૨ (બીજ), સ્થળ: નલિયા (કચ્છ)**

-:કાર્યક્રમની રૂપરેખા:-

**બુધવાર, તા. ૦૩.૦૭.૨૦૧૯ના બપોરે ૧૨:૩૯ કલાકે**

સિદ્ધિદાયક શ્રી સિધ્ધચક્ર મહાપૂજન, પંડિત શ્રી કેવલભાઈ સાવલા અને સંગીતકાર નિશા સંઘવીના સથવારે...

બપોરે ૧૨:૦૦ કલાકે સંપૂર્ણ નલિયાવાસીઓ સાથે સ્વામીવાત્સલ્ય (ભોજન)

રાત્રે ૮:૩૦ કલાકે માતાજીની ભાવના અને આરતી, નિશા સંઘવી અને સાથી કલાકારોના સથવારે

**પૂજન તથા સ્વામીવાત્સલ્યના લાભાર્થી પરિવાર**

માતુશ્રી દેવકાંબાઈ શીવજી લખમશી નાગડા પરિવાર (ઘાટકોપર - નલિયા)

હસ્તે: માતુશ્રી તારામતી લહેરચંદ શીવજી નાગડા

**ગુરૂવાર, તા. ૦૪.૦૭.૨૦૧૯ના સવારે ૯:૦૦ કલાકે ધ્વજારોહણ અને સમૂહ પહેડી**

આ પ્રસંગે નાલિયામાં નાગડા ગોત્રના અંબે માતાને નમતા સર્વે ભાવિકો તથા નિયાણી બહેનોને સહ પરિવાર પધારવા ખાસ આમંત્રણ છે.

નોંધ : રેલવે ટિકિટની બુકિંગ ચાર મહિના પહેલા થાય છે જેથી ટિકિટની વ્યવસ્થા કરી લેવા નમ્ર વિનંતી. જે પણ ભાવિકો પહેડી પ્રસંગે પધારવાના છે તેઓ નીચે આપેલ સમિતિના ભાઈઓ પાસે નામ લખાવી દેવા જેથી રહેવા તથા જમવાની વ્યવસ્થા કરી શકાય.

**વ્યવસ્થાપક સમિતિ**

શ્રી જુગલ માણેકજી નાગડા - ૮૮૬૬૬૯૨૬૬૬ | શ્રી શ્રેણિક તેજપાર નાગડા - ૯૪૨૬૭૩૧૬૮૪

શ્રી મહેશ શામજી નાગડા - ૯૪૨૮૬૮૪૩૨૭ | શ્રી મહેશ ખીમજી નાગડા - ૯૭૨૬૬૮૬૮૫૧

શ્રી ચેતન લહેરચંદ નાગડા - ૯૮૨૦૧૦૫૦૭૮

**જય અંબે માં... જય માતાજી...**

# અખિલ ભારત અચલગચ્છ (વિધિપક્ષ) શ્વેતાંબર જૈન સંઘના આંગણે સમૂહ વર્ષીતપ પારણોત્સવ પ્રસંગ

શ્રી અખિલ ભારત અચલગચ્છ (વિધિપક્ષ) શ્વેતાંબર જૈન સંઘ દ્વારા તા.૭મે ૨૦૧૯ મંગળવાર અખાત્રીજ દિને હસ્તિનાપુર નગરી સોમૈયા ગ્રાઉન્ડ ચુનાભટ્ટી(ઈસ્ટ) રેલ્વે સ્ટેશનની સામે, ઈસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે, સાયન મુંબઈ-૨૨ સ્થળે સમૂહવર્ષી તપ પારણાનો પ્રસંગનું ભવ્ય આયોજન કરાયું છે. જેમાં ૧૯૧ જેટલા તપસ્વી રત્નો ઈશુરસથી પારણું કરશે.

દિવ્યકૃપા શાસન સમ્રાટ રાષ્ટ્રસંત અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણસાગર સૂરીશ્વરજી મ.સા., શુભ આજ્ઞા તપચક્રવતી 'જિનશાસન શિરોમણી અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણોદય સાગર સૂરિશ્વરજી મ.સા., આશીષદાતા પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગર સૂરિશ્વરજી મ.સા. શુભનિશ્રા પ.પૂ.ા.ભ.શ્રી કવિન્દ્રસાગર સૂરિશ્વરજી મ.સા., આશિષદાતા જ્યોતિષાચાર્ય પ.પૂ.આ.ભ.શ્રી વીર ભદ્ર સાગરસૂરિશ્વરજી મ.સા.તથા આગમ દિવાકર પ.પૂ.આ.ભ.શ્રી મહોદય સાગર સૂરિશ્વરજી મ.સા. અને શ્રમણ શ્રમણી વૃંદની નિશ્રાસૃષ્ટિના યોગથી સળંગ ૧૭મા વર્ષીતપના આરાધક પ.પૂ.આ.ભ.શ્રી કવિન્દ્ર સાગર સૂરિશ્વરજી મ.સા.પ.પૂ. સાધ્વીજી વિમલ કિરણાશ્રીજી મ.સા., પ.પૂ.આ.ભ.શ્રી ધર્મઅરિશ્વરજી મ.સા., સમૂદાયના પ.પૂ.સાધ્વીશ્રી અમીવર્ષાશ્રીજી મ.સા. ઈસુ રસપાન કરશે.

પારણોત્સવ પર્વદિને સવારે ૮ કલાકે શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જિનાલય ચુનાભઠી (પૂર્વ)થી ચતુર્વિધ સંઘ સહ તપસ્વીઓની ભવ્યાતિભવ્ય શોભા યાત્રા પ્રારંભ, સવારે ૮.૩૦ કલાકે હસ્તિનાપુર નગરી, સોમૈયા ગ્રાઉન્ડમાં મંગલપ્રવેશ પૂજ્ય આચાર્ય શ્રી ગુરૂ ભગવંતોનું માંગલિક પ્રાસંગિક પ્રવચન અને અન્ય કાર્યક્રમ, સવારે ૧૦ કલાકે વર્ષી તપના તપસ્વીઓના સમુહ ઈક્ષુરસ પારણાનો પ્રારંભ, સવારે ૧૧ કલાકે સધાર્મિકભક્તિ. ગુંજી ઉઠી છે સિતાર ગાજી રહ્યો છે. રણકાર ચાલો સૌ વર્ષી તપનો કરીએ સત્કાર આ ભાવથી સૌને પધારવાનો રૂડો આમંત્રણ વર્ષીતપ પારણા સમિતિ અને સંઘના અધિકારી ગણ દ્વારા અપાયેલ છે.



# શ્રી ભલારાદાદા ટ્રસ્ટ આયોજિત ત્રિદિવસીય ધ્વજા મહોત્સવ રંગેચંગે સંપન્ન





દરવર્ષની જેમ આ વર્ષે તા. ૧૭ એપ્રિલ ૨૦૧૯ બુધવાર, ગુરૂવાર તા. ૧૭, ૧૮ અને તા. ૧૯ એપ્રિલ શુક્રવારના દાદાના સ્થાન લાલપુર મધે ધ્વજામહોત્સવનું આયોજન કરાયું હતું. તા. ૧૭ એ અપ્રિલના સવારે શ્રી ભલારાદાદાની આરતી બાદ શ્રીમહાવીર જયંતિ હોવાથી શ્રી મહાવીર સ્વામીનો વરઘોડો લાલપુર ગામે ધામધૂમથી નીકળ્યો. સાંજે આરતી બાદ શ્રી ભલારા દાદાના પાઠ તથા રાત્રે મહાઆરતીના લાભાર્થી રાજા કુમારપાળની જેમ વાજતે ગાજતે દાદાના સ્થાન સુધી લઈ દીવડાઓથી મહાઆરતી કરી.






# શ્રી ભલારાદાદા ટ્રસ્ટ આયોજિત ત્રિદિવસીય ધ્વજા મહોત્સવ રંગેચંગે સંપન્ન



દ્વિતીય દિવસ તા.૧૮ એપ્રિલ ગુરુવારે સવારે ૭ વાગ્યે શ્રી ભલારા દાદાની આરતી, બપોરે શ્રી મહાકાલી માતાજીની ભાવના જેમાં લક્કી ડ્રો દ્વારા નાની મોટી ગીફ્ટો અપાઈ. રાત્રે શ્રી ભલારા દાદાના પાઠ બાદ મહાઆરતી રાજા કુમારપાળની સાથે કરાઈ. ત્યારબાદ ભાવિકોએ સાથે મળીને ભાવનાની અનેરી રંગત જમાવી હતી.

તૃતીય દિવસ શુક્રવારના તા.૧૯ એપ્રિલના સવારે આરતી કરાયા બાદ

**લાભાર્થીઓની નામાવલિ**

- **દાદાશ્રીનો પક્ષાલ :** માતુશ્રી કસ્તુરબાઈ ખીમજી લોડાયા તથા કાંતાબેન ઠાકરશી લોડાયા (અમદાવાદ)
- **દાદાશ્રીની કેસરપૂજા :** અ.સૌ.ઉષાબેન દિનેશ લાલકા (મુલુંડ)
- **દાદાશ્રીને હેમના આભૂષણો :** શ્રી શાંતિલાલ કલ્યાણજી લોડાયા (વડોદરા) તથા શ્રી શરદ વીરચંદ દંડ (સુરત)
- **દાદાશ્રીને ફુલમાળા :** માતુશ્રી વિજયાબેન રતિલાલ લોડાયા (નાસિક)
- **વીરોજી પાતોજીની અષ્ટપ્રકારી પૂજા :** માતુશ્રી મીઠીબાઈ જીવરાજ લાપસીયા (ડોંબિવલી)
- **નવગ્રહ અષ્ટપ્રકારી પૂજા :** સ્વ.તરલાબેન તારાચંદ મોતા (ભાંડુપ)
- **શ્રી ગણેશજીની અષ્ટપ્રકારી પૂજા :** માતુશ્રી નિર્મલાબેન વાલજી મોમાયા (સૈદાપુર)
- **શ્રી ગણેશજીની દેરી અર્પણ :** ભૂવાશ્રી દિનેશ વશનજી દંડ (ભાંડુપ)
- **સચ્ચાઈ માતા અષ્ટપ્રકારી પૂજા :** ગુણવંતીબેન ઝવેરચંદ લોડાયા (આદીપુર)
- **અંબે માઁ ની અષ્ટપ્રહારી પૂજા :** શ્રી પંકજ રતિલાલ મોતા (ભાંડુપ)
- **શ્રી મહાકાલી માતાજીની અષ્ટપ્રકારી પૂજા :** શ્રી ગૌતમ વેલજી ડાઘા (વરાડિયા)
- **દાદાશ્રીની મુખ્ય ધજા :** માતુશ્રી વિજયાબેન વિરેન્દ્ર લોડાયા (અમદાવાદ)
- **વીરોજી પાતોજીની ધજા :** માતુશ્રી વિજયાબેન રતિલાલ આણંદજી લોડાયા (નાસિક)
- **નવગ્રહ પૂજા :** માતુશ્રી કસ્તુરબાઈ ખીમજી આણંદજી લોડાયા (અમદાવાદ)
- **પેડી પ્રસાદ-ધજા :** માતુશ્રી જયાબેન ચીમનલાલ મોમાયા (ભાંડુપ)
- **પૂજારી બાપુ - સમાધી ધજા :** માતુશ્રી દમયંતીબેન હંસરાજ દંડ (મુલુંડ)
- **ઓફિસ ભંડારાની પૂજા આરતી :** માતુશ્રી જ્યોત્સનાબેન દામજી નરશી દંડ (મુલુંડ), અ.સૌ. કલ્પનાબેન આણંદજી મોતા (ઘાટકોપર) તથા માતુશ્રી નિર્મલાબેન વાલજી મોમાયા (સૈદાપુર)
- **દાદાશ્રીની મુખ્ય આરતી :** માતુશ્રી વિજયાબેન રતિલાલ આણંદજી લોડાયા (નાસિક)

પક્ષાલના લાભાર્થીશ્રીએ પક્ષાલ કરાવેલ, પછી વિવિધ ઉછામણીમાં દાતા પરિવારોએ ઉમળકાભેર લાભ લઈ ઉછામણી ઉત્તમ પ્રતિસાદ આપ્યો. સવારે ૧૦.૩૦ કલાકે દાદાની મુખ્ય ધજા તેમજ વીરોજી પાતોજી અને નવગ્રહ દેવાલયની નૂતન ધજાઓ ખૂબજ વાજતે ગાજતે ચડાવાઈ. સાંજે આરતી બાદ શ્રી ભલારાદાદાના પાઠ અને દીવડાઓની મહાઆરતી કરાઈ. સમગ્ર કાર્યક્રમમાં ૩૦૦ ઉપરાંત ભાવિકોની હાજરી રહેલ. પૂજ્ય યતિશ્રી મોતિસાગરજી મ.સા.ની નિશ્રામાં સંપૂર્ણ કાર્યક્રમ ઉજવાયો.

# KDO SAMAST MAHAJAN SHIKSHAN SAMITI COURSES DETAIL

SRICT offers following full time B.E. ( Bachelor of Engineering ) courses which are approved by AICTE, New Delhi and Gujarat Technological University ( GTU), Ahmedabad

**B.E. Courses**

**1) B. E. Engineering**

**2) B. E. Chemical Technology with elective subjects in**

- Dyes and Pigments Technology
- Polymer and Rubber Technology
- Pharmaceutical Technology
- Glass and Ceramic Technology

**3) B. E. Environmental Science & Technology**

**4) B. E. Electrical Engineering**

**5) B. E. Mechanical Engineering**

| QUALIFYING EXAMINATION NAME OF DIPLOMA COURSES | CORRESPONDING BACHELOR ENGINEERING AND TECHNOLOGY COURSES |
|---|---|
| Environmental Engineering | (a) Environmental Engineering<br>(b) Environmental Science and Technology/ Engineering |
| Chemical Engineering | (a) Chemical Engineering,<br>(b) Bio-technology Engineering,<br>(c) Chemical Technology,<br>(d) Nano Technology<br>(e) Petroleum Engineering |
| Mechanical Engineering | (a) Mechanical Engineering<br>(b) Aeronautical Engineering<br>(c) Industrial Engineering<br>(d) Manufacturing Engineering<br>(e) Nano Technology |
| Electrical Engineering | (a) Electrical Engineering<br>(b) Electrical and Electronics Engineering |
| Civil Engineering | (a) Environmental Engineering<br>(b) Environmental Science and Technology/ Engineering |

**Footwear Design and Development Institute Courses as follows.**

Bachelor of Design (B. Des.) 4 years

Master of Design (M. Des) – 2 years

Campuses : Noida / Rohtak / Chennai / Fursatganj (near Lukhnow) / Jodhpur / Guna / Chindwara / Ankleshwar (Gujarat) / Hyderabad / Chandigarh / Patna.

## Navsamvat Law College in Ujjain in the state of MP

## Courses offered as follows in Law College BA LLB (Integrated five years)

**LLB**

**LLM**

**Colleges in Raipur options available.**

In Mumbai Sasmira, Worli :- Bcom and Textile and Fashion Design related courses.

In Jamnagar with Wadher College of Management by Oswal Trust and In Bhiwandi , Thane Haria Trust MBA and Other regular Collage

# KDO SAMAST MAHAJAN SHIKSHAN SAMITI COURSES DETAIL

**Please download form for Admission from following website.**

**UDAAN.KDOSAMASTMAHAJANEDUCATIONSAMITI.com**

For further Guidance Contact Following Samiti Members.

| | | | |
|---|---|---|---|
| Rajesh R. Chheda (Mumbai) | **9820226873** | KamlemshDand (Ankleshwar) | **9825042208** |
| GirishMaisheri (Aurangabad) | **9327034777** | Vijay Dhulla (Mumbai) | **9833875940** |
| Harish Lodaya (Mumbai) | **9820418472** | NitinSayla (Dombivali) | **9821032242** |
| JesalDand (Gandhidham) | **9924741399** | MiteshDharamshi | **9825226557** |
| MayurLodaya (Mumbai) | **9322311146** | DhirenDand (Ankleshwar) | **9879500961** |
| MohitDand (Hubli) | **9449018009** | KapilDand (Pune) | **9850347851** |

## KDO SAMAST MAHAJAN SHIKSHAN SAMITI
## Admission Form

Surname Name Fathers / (Guardian) Name

Address :-

VP Number _______________

KDO GLOBAL CARD NUMBER _______________________

MARKS OBTAINED IN 12TH OR DIPLOMA :

SUBJECT : MARKS

1)
2)
3)
4)
5)
6)
7)

TOTAL

REMARKS :

OTHER EXAMS AIEEE OR SIMILAR ENTRANCE EXAM

MARKS : RANK :

DO YOU NEED HOSTEL OR OTHER FACILITY PLEASE SPECIFY.

DO YOU NEED LOAN FOR FEES YES / NO

IF YES FILL THE FORM FOR LOAN OF VLVG

SIGN OF STUDENTS SIGN OF GUARDIAN SIGN OF LOCAL MAHAJAN

# છતીસગઢના રાયપુરનગરે પંચાન્હિકા મહોત્સવ

ભારત દિવાકર રાષ્ટ્રસંત પ.પૂ.આ.ભ.શ્રી ગુણસાગર સૂરિશ્વરજી મ.સા.ની દિવ્ય કૃપા, તપ ચક્રવર્તી અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગરજી મ.સા.ની શુભ આજ્ઞાઆશિષ, એવં સાહિત્ય દિવાકર પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભ સાગરસૂરિશ્વરજી મ.સા., સરળ સ્વભાવી પ.પૂ.આ.ભ. શ્રી કવિન્દ્ર સાગરસૂરિશ્વરજી મ.સા., જ્યોતિષવિશારદ પ.પૂ. આ.ભ.શ્રી વીરભદ્ર સાગરસુરિશ્વરજી મ.સા., આગમ અભ્યાસી પ.પૂ.આ.ભ.શ્રી મહાદેવ સાગરસુરિશ્વરજી મ.સા., ખરતરગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી જિનમણિપ્રભસાગરજી મહારાજા, મધુરભાષી પ.પૂ.આ.ભ.શ્રી જિન પીયૂષ સાગર સૂરિશ્વરજી મહારાજા, સરલ સ્વભાવી પ.પૂ.આ.ભ. જિનપૂર્ણાનંદ સૂરિશ્વરજી મહારાજના અખંડ શુભાશિષ, મધુરભાષી પ.પૂ.આ.ભ.શ્રી જિનપીયૂષ સાગર સૂરીશ્વરજી મહારાજાના શિષ્યરત્ન આધ્યાત્મ યોગી પ.પૂ.આ.ભ.શ્રી મહેન્દ્ર સાગરજી મ.સા., શાસન સમ્રાટ તપચક્રવર્તી અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.શ્રી ગુણોદયસાગર સૂરિશ્વર મ.સા.ના આજ્ઞાવૃર્તી શાસન પ્રભાવિકા પ.પૂ.સાધ્વીજી જયલક્ષ્મીશ્રીજી મ.સા.ની સુશિષ્યા પ.પૂ.સાધ્વીશ્રી દય દર્શિતાશ્રીજી મ.સા., પ.પૂ. સાધ્વીશ્રી હિમાંશુ શ્રી.મ.સા.તથા મહાકાલીમાના પરમ ઉપાસક યતિવર્ય પ.પૂ.મોતીસાગરજી મ.સા.ની શુભનિશ્રામાં શ્રી છતીસગઢ કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન રાયપુર દ્વારા નૂતનદેવ વિમાન તુલ્ય શિખરબંધ જિનાલયમાં જીર્ણોધ્ધાર વિસ્તૃતિકરણ પશ્ચાત સિદ્ધચક્ર મંદિર, ગુરૂમૂર્તિ દેવ-દેવીઓની પ્રતિષ્ઠા-પુનઃપ્રતિષ્ઠાના મંગલમય અવસરે પંચાન્કિા મહોત્સવનું ભવ્ય આયોજન તા. ૨૦ જૂન ૨૦૧૯ ગુરૂવારથી તા.૨૪ જૂન ૨૦૧૯ સોમવાર સુધી કરાયું છે. શુભસ્થળ શ્રી કુંથુનાથ જિનાલય (અચલગચ્છ વિધિપક્ષ) પ્રભુ કુંથુનાથ માર્ગ, સન્મતિ નગર, ફાફાડીંહ, રાયપુર (છતીસગઢ) ફોન નં. ૦૭૭૧-૨૮૮૨૫૨૬.

કાર્યક્રમના વિધિકાર માર્ગદર્શન શ્રી મનોજકુમાર બાબુમલજી હરણ. સિરોહી (રાજસ્થાન) રહેશે. કાર્યક્રમ સારણીમાં તા. ૧૫ જૂન શનિવારે કુંભ સ્થાપના, જવારારોપણ, દીપક સ્થાપના સ્નાત્રપૂજા તા. ૧૭ થી ૧૯ જૂન પ્રતિદિન સ્નાત્રપૂજા, તા. ૨૦ જૂન ગુરૂવારે નવગ્રહપૂજન, અષ્ટમંગલપૂજન, દશદિકપાલ, નંદાવર્ત પૂજન અને રાત્રે ભક્તિ ભાવના આંગી સજાવટ. તા. ૨૧ જૂન શુક્રવારે ૧૮ અભિષેક પૂજન બપોરે સિધ્ધચક્રપૂજન, શનિવાર તા. ૨૨ જૂનના સવારે વરઘોડો. બપોરે નવકાર મહામંત્રપૂજન રવિવાર તા. ૨૩ જૂનના પ્રતિષ્ઠા, અષ્ટોતરી શાંતિ સ્નાત્રપૂજન, રાત્રે મહાઆરતી, ભક્તિભાવના તથા આંગી સજાવટ સોમવાર તા. ૨૪ જૂન ૨૦૧૯ના દ્વારોધ્ધાટન સતરભેદીપૂજન બપોરે દાદાગુરૂદેવ પૂજન પાંચેય દિવસે નવકારશી બપોરે સાધાર્મિક ભક્તિ અને ચોવિહારની ભક્તિ રહેશે. દર રાત્રે ભક્તિભાવના અને આંગી સજાવટ થશે. દેવ દેવીઓની પ્રતિમા ભરાવનાર પ્રતિષ્ઠા કરાવનારાના ચડાવા તેમજ પંચાન્હિકા મહોત્સવ પ્રસંગના વિવિધ ધાર્મિક કાર્યક્રમ પ્રસંગોના લાભ લેવા માટે ના નકરા નવકારશી બપોરની સાધર્મિકભક્તિ અને ચોવિહારભક્તિ ના ચડાવાનો લાભ તેમજ અન્ય મુખ્ય ચડાવાઓ જેમા હસ્તિનાપુર નગરી, શાલીભદ્ર ભોજન મંડપ, આમંત્રણ પત્રિકાના જય જિનેન્દ્ર સંબોધિત લાભ, ચાય, છાશ, શીતલ જલ, લિંબુપાણી, રંગોળી, શરણાઈ, પ્રવેશદ્વારા, ગહુલી, ઘરદીઠ તોરણ ઉપરાંત આધાર સ્તંભ. રત્ન સ્તંભ, સુવર્ણ, રજત તેમજ શુભેચ્છા દાતા તરીકેનો સહયોગ આવકાર્ય છે. વધુ વિગત સંપર્ક માટે ઉતમભાઈ ખીમજી મૈશરી, પ્રમુખ પ્રતિષ્ઠા મહોત્સવ સમિતિ મો.નં.૦૯૮૨૬૧૪૧૮૦૯, શ્રી હરીશ ઝવેરચંદ લોડાયા પ્રમુખશ્રી કચ્છી જૈન સંઘ રાયપુર મો.નં. ૦૯૪૨૫૨૦૯૭૦૦ તથા ચંદ્રેશ વીરચંદ છેડા. પ્રમુખ છતીસગઢ શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિમહાજન મો. નં. ૦૯૪૨૫૨૧૩૫૪૦.


| જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો | | | | | | |
|---|---|---|---|---|---|---|
| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
| આખું પાનું | 155 x 225 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધુ પાનું | 155 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા



# પ.પૂ.વંદનગુણાશ્રીજી મ.સા.નો ૧૪મા વર્ષમાં પ્રવેશ

પ.પૂ.વંદનગુણાશ્રીજી મ.સા. ૧૩ વર્ષ પૂર્ણ કરી ૧૪મા વર્ષમાં પ્રવેશ કરેલ છે. માવિત્ર : ભાગ્યલક્ષ્મીબેન નીતિન કાંતિલાલ નાગડા - ગામ જખૌ, ગુરૂ : પ.પૂ.મૌનગુણાશ્રીજી મ.સા., દીક્ષા : કચ્છમાં સાંયરા ગામે, દીક્ષા દાતાઃ પ.પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરિશ્વરજી મ.સા.

# પ.પૂ.સા.શ્રી અહર્મ યશાશ્રીજી મ.સા.ની દ્વિતીય દીક્ષાતિથિ



પ.પૂ.સાધ્વીશ્રી અહર્મ યશાશ્રીજી મ.સા.ની તા.૧લી મે બુધવારના દ્વિતીય દીક્ષાતિથિ હતી. દીક્ષાસ્થળ સોમૈયા કોલેજ ગ્રાઉન્ડ, વિદ્યાવિહાર, દીક્ષા દાતા. પ.પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરિશ્વરજી મ.સા. ગુરૂ પ.પૂ.સાધ્વીશ્રી અનંતયશાશ્રીજી મ.સા. પ.પૂ. સાધ્વીજી અગર્મયશાશ્રીજીના સંસાર પક્ષ ભાવિત્ર સૌ દિનાબેન રાજેન્દ્ર લહેરચંદ લોડાયા, સાંયરા હાલે ઘાટકોપર છે.



# શ્રી ક.દ.ઓ જૈન જ્ઞાતિ મહાજન અમદાવાદ દ્વારા ત્રિવિધ ધાર્મિક પ્રોગ્રામનું આયોજન સંપન્ન



શ્રી ક.દ.ઓ જૈન જ્ઞાતિ મહાજન અમદાવાદ દ્વારા તા. ૧૪ એપ્રિલ રવિવારના ત્રિવિધ ધાર્મિક કાર્યક્રમ જેમાં શ્રી મહાકાલી માતાજીની ભાવના સંગીતકારના સૂરિલા તાનથી સુંદર રીતે કરાઈ તથા શ્રી ભલારાદાદા અને ધણીબાવાના સમૂહપાઠનું ભક્તિભાવ પૂર્વક આયોજન કરાયું હતું. ભક્તિ કાર્યક્રમબાદ ચોવિહારની વ્યવસ્થા આયોજક દ્વારા કરાઈ હતી. જેનો લાભ ઉપસ્થિત સૌએ પ્રેમપૂર્વક લીધો હતો.

કાર્યક્રમના મુખ્ય લાભાર્થી દાતા માતુશ્રી રાજબાઈ કેશવજી મોમાયા અ.સૌ. ગુણવંતીબેન ગુલાબભાઈ દંડ, માતુશ્રી વિજયાબેન વિરેન્દ્રભાઈ લોડાયા પરિવાર અ.સૌ. રાશીકલાબેન જીતેન્દ્રભાઈ ખોના તેમજ સહયોગી દાતા માતુશ્રી વેલબાઈ દેવજી ખોના આ પરિવારો રહ્યા હતા.

અમદાવાદ મહાજન વિસ્તારના ૩૨૫થી વધુ જ્ઞાતિજનો ઉત્સાહપૂર્વક આયોજનમાં જોડાઈ ધર્મ ભાવપૂર્વક કાર્યક્રમનો લાભ લીધો હતો.











# સિધ્ધાચલ ૯૯ યાત્રાના યાત્રિકોની અનુમોદના



સિધ્ધાચલ ૯૯ યાત્રામાં તા. ૨મે ૨૦૧૯ ગુરૂવારના સાહિલ ગૌતમજી બોહરા સુરત ૮ યાત્રા, વત્સલ પંકજ વીરજી મારૂ ઘાટકોપર ૭ યાત્રા, જૈનમ ભરત ગાંગજી દેઢિયા મલાડ-૫ યાત્રા અને આઠમ કરવાની ભાવના છે. યાત્રિકોની હર્ષભેર અનુમોદના જિન શાસન પ્રત્યેનો તેમનો ભાવ સદાય અજર-અમર અને અખંડ રહે.

---

**જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો**

**Email : gyatimaiya2018@gmail.com**

**Whats App : 9769991922**

**Read E-Paper @ www.kdosamastamahajan.org**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**
**3, Anant Siddhi Building, Gr.Floor, LBS Marg, Bhandup (West) Mumbai - 78.**

## બેંક અકાઉન્ટની વિગત

**For NEFT Transfer**

| | |
|---|---|
| Type of Account | : Saving |
| Account Number | : 002001005497 |
| Name of the Bank | : Shri Arihant Co-op. Bank Ltd. |
| Branch | : Mulund (West), Mumbai - 400 080. |
| Name Account | : Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan |
| For Mobile App Transfer | |
| Our IFSC Code | : ICIC00ARIHT |

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of **'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan'** (and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**

# સગપણ સેતુ



શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન-જ્ઞાતિમૈયાના માધ્યમથી જ્ઞાતિના લગ્નોત્સુક યુવક-યુવતીઓને યોગ્ય પાત્ર મળે એ માટે શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન મુંબઈની સગપણ સેતુ સમિતિના સહકાર સહયોગથી સગપણ સેતુ નામથી વિભાગ શરૂ કરેલ છે.

આસુવિધાનોલાભલેવાજ્ઞાતિજનોપોતાનોસંપૂર્ણબાયોડેટા-ફોટાસાથે કન્વીનર મનીષા લાલકા(૯૮૨૦૫૪૫૭૩૪), જલ્પા લોડાયા(૯૮૬૭૬૧૫૯૧૩), જસ્મીન સાયલા, જસ્મીન ધુલ્લા. કલ્પેશ લોડાયા, હિતેશ નાગડા, રિતેશ ખોના, પ્રગ્નેશ નાગડા, વર્ષા લોડાયાનો સંપર્ક કરવો.



Name : Deep Atul Lalka

Kutch (Town) : Varapader

Religion : Jain

Date of Birth : 27/02/1990

Sun Sign : Pisces.

Height : 5.2 Foot (160cm)

Weight : 45 Kg.

Qualification : Masters in Computer Application (MCA)

Profession : Software Developer

Working At : Print Electronics Equipments Private Limited

Father's Name : Atul Somchand Lalka

Mother's Name : Bhakti Atul Lalka

Grandfather's Name (Father's side) :

Somchand Lalji Lalka

Grandmother's Name (Father's side) :

Sonbai Somchand Lalka

Grandfather's Name (Mother's side) :

Dhanji Jethabhai Vikamshi

Grandmother's Name (Mother's side) :

Kalavathi Dhanji Vikamshi

Postal Address : #601-B Wing, Mahaveer Apartment, Akta Nagar, Bhopar Road, Landmark Shani Mandir, Near Patel Dairy, Dombivali (East) - 421201/421204

Email Address : deeplalka27@gmail.com

Mobile : 9535024900

**Gyatimaiya KDO Mahajan Code No. B-26**



**Name : Ms. Manali Jayesh Nagda (Shah)**

**Date of Birth :** 18/06/1991

**Age :** 26 Year

**Weight :** 75 Kg.

**Height :** 5 Ft 1 Inch.

**Place of Birth :** Ghatkopar.

**Native Place :** Jakhua

**Mangal :** No

**Shani :** No

**Believes In Kundli :** Yes

**Education :** B.Pharmacy Done From (Swami Vivekanand Collage of Pharmacy With First Class)

**Working At :** TCS (Thane) as Periodic Report Manager currently. Previously was a Trainer in TCS

**Hobbies :** Drawing, Painting, Listenting Music, to be Social & Helping Others.

**Expectations :** Educated, Well Settled, Understanding & Trustworthy.

**Mobile :** Manali - 9930334390, Jayesh - 9324752322 (Fahter), Neeta - 9323915157 (Mother)

**Family Background :**

**Father :** Jayesh Kantilal Govandji Nagda

**Mother :** Neeta Jayesh Nagda

**Grand Father :** Kantilal Govandji Nagda

**Grand Mother :** Jayvanti Kantilal Nagda

**Maternal Grand Father :** Zaverchand Velji Momaya (Maavani Vaala)

**Maternal Grand Mother :** Zamkubai Zaverchand Momaya

**Native Maternal Site :** Varadiya

**Address :** C/303, Anantnath CHS, Near Dabba Company, Nehru Nagar, Kanjurmarg (E), Mumbai.

**Gyatimaiya KDO Mahajan Code No. G-27**

નોંધ : જે પાત્રો સગપણ સંબંધે જોડાય તેઓ અમને જાણ કરે જેથી અમે અમારા રેકોર્ડમાં સુધારો કરી શકીએ.



# વતનજા વાવડ ...

– સં. રાજન ચંદે 'ધૂની'

● કેસર કેરી પછી દાડમના કદ અને વજનનો વિક્રમ કચ્છના નામે લખાયો છે. સ્વસ્તિક ફાર્મ નારણપરમાં યોજાયેલ કૃષિ શિબિરમાં ખેતી નિયામક દ્વારા એક કિલોના વજનના દાડમ ગુજરાતમાં પ્રથમ ઘટના હોવાનું જણાવાયું હતું. નારણપરના સ્વસ્તિક ફાર્મ અને સ્વસ્તિક પેકેજીંગવાળા વિનોદ માવજીભાઈ વેકરિયાએ એક કિલો વજનના દાડમનો પાક સફળતાપૂર્વક ઉતારી રંગ કદ, ચમક અને વજનની દ્રષ્ટિએ શ્રેષ્ઠ ઉત્પાદન કરનાર ગુજરાતના પ્રથમ ખેડૂત બન્યા હતા. જિલ્લા કૃષિ નિયામક ફાલ્ગુન મોઢએ આ વિક્રમી કૃષકને ખેતી ક્ષેત્રનો શ્રેષ્ઠ ''આત્મા'' એવોર્ડ આપવા સરકારમાં ફાઈલ રજૂ કરી હોવાનું કહ્યું હતું.

● યુરોપ ખંડનો સૌ પ્રથમ શિખર બદ્ધ હિંદુમંદિર લંડનમાં વિલ્સડનમાં ૧૦૦ કરોડ રૂપિયાની લાગતથી ભક્તિ ધર્મ કેન્દ્ર ૧૩ જુલાઈ ૨૦૧૯ના નવ દિવસીય ઉદ્દઘાટન મહોત્સવથી ખૂલ્લું મૂકાશે. ૧.૨૦ લાખ ચોરસફૂટ બાંધકામ ૧૯ રૂમ વિશાળ કોમન જગા, બગીચો, જિમ, સત્સંગ હોલ, વોકિંગ ટ્રેક, ભજન, ભક્તિ, ધાર્મિક સંસ્કાર, સત્સંગ પ્રણાલી અનુસાર વ્યવસ્થાઓ કરાઈ છે.

● આગાખાન એજ્યુકેશન સર્વિસ ઈન્ડિયા સંચાલિત મુંદરાના આગાખાન સ્કૂલનાં બાળકો દ્વારા વાર્ષિકોત્સવ ઉજવ્યો. સેવ વોટર, નો પ્લાસ્ટિક યૂઝ ચાઈલ્ડ લેબર સ્કૂલ લાઈફ વિ થીમ પર તથા જુદા જુદા પ્રદેશની સંસ્કૃતિ પર આધારિત ડાન્સ રજૂ કરાયા હતા. લગભગ ૩ હજાર જેટલી સંખ્યામાં લોકો આનંદ પૂર્વક કાર્યક્રમને માણ્યો હતો.

● ભુજમાં અરિહંત મહિલામંડળ તથા લોહાણા મહિલામંડળના સંયુક્ત ઉપક્રમે સૌદર્ય શણગાર સ્પર્ધા યોજાઈ વિજેતા બહેનોને ઈનામોથી નવાજ્યા હતા.

● ઈ.સ. ૧૮૧૮ માં કચ્છ રજવાડાના બ્રિટિશ ઈસ્ટ ઈન્ડિયા કંપનીના પ્રથમ રાજ્યકીય નિવાસ પ્રતિનિધિ જેમ્સ મેકમેર્ડો દ્વારા અંજારમાં તેમના નિવાસ માટેનો બંગલાની દિવાલો પર અલભ્ય ભીંતચિત્રો કંડારેલા છે. આ રક્ષિત સ્મારક આજે દયનીય હાલતમાં અને ઉપરાંત પરિસ્થિતિમાં ઘબાય નમઃ થવાને કાંગરે છે. ૧૮૧૯, ૧૯૫૬ અને ૨૦૦૧ના ભૂકંપ આ સ્થળને હચમચાવી નાખ્યું અને પારાવાર નુકસાન પહોંચાડ્યું છે. કમાંગરી કલા તરીકે ઓળખાતી કચ્છની વિરાસત ભીંતચિત્રોની સાચવણી કરવા સાથે મેકમર્ડોના બંગલાને રક્ષિત સ્મારક તરીકે ઘોષિત કરાયેલ હોવા છતા તેની ઉપેક્ષા કરાય છે. તે બદલ કચ્છ ઈતિહાસ પરિષદ દ્વારા પુરાત્વ ખાતા પાસે માગણી છે.
હોવા છતા તેની ઉપેક્ષા કરાય છે. તે બદલ કચ્છ ઈતિહાસ પરિષદ દ્વારા પુરાત્વ ખાતા પાસે માગણી છે.

● ભુજમાં વિશ્વ કિડની દિવસ નિમિત્તે વોલસિટી કલબના ઉપક્રમે કિડની રોગ વિશે સવિસ્તાર માહિતી અપાઈ હતી. કચ્છના પાણીમાં ક્ષારનું પ્રમાણ સવિશેષ હોવાથી કિડની રોગોમાં ઉછાળો આવી રહ્યો છે. ત્યારે દરેક વ્યક્તિએ પોતાની કિડનીને કઈ રીતે તંદુરસ્ત રાખી શકે તથા જે લોકો આ રોગના અસર ગ્રસ્ત છે. તેમણે કાળજી રાખવીએ વિશે જાગૃતતા કાર્યક્રમ યોજાયો હતો.

● વિશ્વ ઝામર સપ્તાહ નિમિત્તે ભુજની જી.કે. જનરલ હોસ્પિટલના આંખ વિભાગ દ્વારા આંખમાં થતા ઝામર અંગે જાગૃતિ ફેલાવવા દર્દીઓ સાથે વાર્તાલાપ પ્રશ્નોતરી અને ગ્રુપ ચર્ચાનું પ્રથમ વખતે આયોજન કરાયું હતું. જો પ્રકાશના આજુબાજુ રંગીન કુંડાળા દેખાય આંખ સાથે માથાનો દુઃખાવો રહે અને અચાનક દેખાવાનું બંધ થાય તો તે ઝામરના લક્ષણો હોવાથી તાત્કાલિક સારવાર કરાવી જોઈએ તેવું આંખ વિભાગના વડા ડૉ. કવિતા પારેખે સમજ આપી હતી. આ પ્રસંગે હૉસ્પિટલના ઈન્ડોર દર્દીઓ ઉપરાંત મુંદરા, ગાંધીધામ અંજાર, ભુજ, ભુજપુર તેમજ કુકમાંથી જાગૃત દર્દીઓ એ અત્રે આવી ચર્ચામાં ભાગ લીધો હતો. ઝામરના ચિહ્નો જણાય તો વેળાસર નિદાન કરાવી સારવારથી ઝામર અટકાવી શકાય છે. તેવી માહિતી અપાઈ હતી.

# જીવન ઘટમાળ

**● જન્મ ●**

| | | | | |
|---|---|---|---|---|
| ૨૫-૦૪-૨૦૧૯ | ડોંબિવલી | ધ્વજ રાકેશ અભય મૈશેરી | મોટી સિંધોડી | પુત્ર |

**● આંતરજ્ઞાતિ સગપણ ●**

| | | | | |
|---|---|---|---|---|
| ૧૯-૦૪-૨૦૧૯ | વિરાર | નીરવ શૈલેષ તારાચંદ ગોસર | ગોએરસામા | ૩૪ |
| | નાલાસોપારા | શાંતિ રામસમારો જગદેવ જયસ્વાલ | નાલાસોપારા | ૩૩ |
| ૨૧-૦૪-૨૦૧૯ | લોનાવલા | રવિ મુકેશ જીવરાજ મોમાયા | વરાડિયા | ૨૮ |
| | પુણે | આયુષી અજય પુરૂષોતમ અદાવાડકર | પુણે | ૨૩ |


**● લગ્ન ●**

| | | | | |
|---|---|---|---|---|
| ૧૫-૦૨-૨૦૧૯ | ભાંડુપ | જીગર ચંદ્રકાંત દામજી નાગડા | પરજાઉ | ૨૮ |
| | બેંગ્લોર | અદિતિ મુકેશ પ્રેમચંદ ડાઘા(શેટ) | વરાડિયા | ૨૬ |

**● મરણ ●**

| | | | | |
|---|---|---|---|---|
| ૨૯-૦૪-૨૦૧૯ | અમેરિકા | નીરેન લક્ષ્મીચંદ નાગડા | તેરા | ૭૩ |
| ૦૧-૦૫-૨૦૧૯ | કોચીન | જસવંતી રમેશ નાગડા | નલિયા | ૭૪ |
| ૦૧-૦૫-૨૦૧૯ | મુલુંડ (પ) | સોનલ સુરેશ ખોના | વાંકુ | ૭૨ |


જ્ઞાતિમૈયા માં
આપની કોઈપણ મેટર અથવા
જાહેરાત મોકલો
Email Id : gyatimaiya2018@gmail.com
Email Id : mahajansamast@gmail.com
Website : www.kdosamastamahajan.org
અથવા વૉટસએપ પર મોકલો
9769991922
9820302853
9322257731

# વડોદરા સંઘ શિરોમણી શ્રી ઠાકરશીભાઈ

જ્ઞાતિ શિરોમણી શેઠ શ્રી નરશીનાથા એ જીવન પર્યંત સેવાના આગવા માપ દંડ કંડારી સમગ્ર ભારતભરમાં પોતાના કાર્યો થકી આપણી દશાઈ નાતને આગવું સ્થાન અપાવ્યુ જેના કારણે જ્ઞાતિ શિરોમણીનું બીરૂદ પામ્યા.

સંસ્કારી નગરી વડોદરા ના શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન સમાજના પ્રમુખ શ્રી ઠાકરશી પદમશી પનપારીયા ૪૦ વર્ષ સુધી સમાજના પ્રમુખ તરીકે પથ દર્શક રહયાં. વડોદરા સમાજની શુન્યમાંથી શિખર સુધીની સફળતા નો શ્રેય  તેમની આગવી કુનેહ ભરી લીડરશીપને આભારી છે.



આજે કે.ડી.ઓ. સમાજ ની એક પણ વ્યક્તિ એવી નથી જે શ્રી ઠાકરશીભાઈ ને ઓળખતી ના હોય સમાજનો ભવ્ય ગૌરવશાળી ઈતિહાસ અને આજનું પ્રભાવશાળી અસ્તીત્વ  જેમા કેડીઓ નગર, વિવિધ લક્ષી હોલ, દેવ વિમાન જેવું જાજરમાન દેરાસર અને ઉપાશ્રય તેમની આદર્શ પરિકલ્પના ના તાદશ્ય ઉદાહરણ છે. સમાજના દરેક સભ્યો સાથે તેમનો ઉષ્માભર્યો સંબધ હતો, બધાને  માનથી બોલાવતા અને બધાની વાત ધ્યાન પુર્વક સાંભળતા, સમાજના દરેક સભ્યના સુખ-દુઃખ ના બધા પ્રસંગોમાં ખડે પગે હાજર રહેનાર ધાર્મિક તથા સામાજિક પ્રસંગોમાં તેઓ તન-મન-ધનથી પોતાની સેવા આપતા. વડોદરા માં ૧૯૬૫ માં આવ્યા ત્યારે કોઈની દુકાનના ઓટલા પર રાત ગુજારનાર ઠાકરશીભાઈ સ્વબળે પોતાની ધગશ થી અને કડી મહેનતથી આગળ  વધ્યા, અને ત્યારબાદ વડોદરા આવનાર દરેક કુટુંબને પોતાના પરિજન સમજી ટેકો આપતા ગયા જેના થકી આજે વડોદરામાં ૧૪૦ ઉપરાંત દશા કુટુંબો વસે છે. તેમના રાહબર હેઠળ સમાજ અને સમગ્ર કેડીઓ પરિવાર ઉત્તરોતર આગળ  ને આગળ વધતા રહયા. વડોદરા  સમાજની સ્થાપના થી અત્યાર સુધી એક વટવૃક્ષ ના મજબુત થડ સમા શ્રી ઠાકરશીભાઈ એ આપેલ ઉન્નત સેવા બદલ શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન સમાજ-વડોદરા  તરફ થી  અનુમોદના રૂપે **''સંઘ શિરોમણી''** નું બીરૂદ અર્પણ કરેલ છે.

સેવા ના સીમાડા ના હોય...સાહેબ.....આ કહેવતમાં થોડા શબ્દો ખુટતા લાગે છે.....સેવાના તો પ્રવેશ દ્વાર હોવા જોઈએ આવી ભાવના સાથે સંત તુલસીદાસનો દુહો યાદ કરતા ગુરૂ - ગોવિંદ દોનો ખડે....કિસકો લાગુ પાય......બલીહારી ગુરૂદેવકી ગોવિંદ દિયા બતાય...જીસને પ્રભુજી સાક્ષાત મીલાયે વડોદરા વિમલનાથ પ્રભુજીના અલૌકિક ચમત્કારીક દેરાસર માં બિરાજમાન પ્રભુજીના દર્શનનો લાભ તો શ્રી ઠાકરશીભાઈ ના કારણેજ મળી શકયો છે. તો પ્રથમ ઠાકરશીભાઈ નું નામ બાદ પ્રભુદર્શન .......આવા સેવક ની અમીટ છાપ કાયમી રહે તે ઉદેશ થી સંવત ૨૦૭૫  ચૈત્ર વદ ૨ ને તા. ૨૧-૪-૨૦૧૯ ને રવિવાર ના શુભ દિને શ્રી વિમલનાથ જૈન દેરાસરના પ્રવેશ દ્વારને

**''વડોદરા સંઘ શિરોમણી શ્રી ઠાકરશી પદમશી પનપારીયા  પ્રવેશ દ્વાર''**

નામકરણ કરવામાં આવ્યુ , આ પ્રસંગે અમદાવાદ, મુંબઈ, સહીત બહારગામથી પધારેલા પરિવારજનો સકળ સંઘ સાથે ઉપસ્થિત રહેતા સોનામાં સુગંધ ભળી, લગભગ ૩૦૦ સાધર્મિક બાંધવોની હાજરીમાં પ્રથમ સવારના ૯-૦૦ કલાકે શક્રસ્તવ મહા અભિષેક એક અદભુત અનુષ્ઠાન શ્રી વર્ધમાન શક્રસ્તવ દ્વારા શ્રી વિમલનાથ પ્રભુજી ની પ્રતિમા ઉપર ઔષધિ યુકત અખંડ અભિષેક તથા તાજા ગુલાબ ના અભિષેક કરવામાં આવ્યા. પ્રથમ અભિષેક નો લાભ શ્રી પનપારીયા પરીવાર દ્વારા કરવામાં આવ્યા બાદ સકળ સંઘને લાભ આપવામાં આવ્યા. ૧૧-૩૦ કલાકે તકતી અનાવરણ કરવામાં આવ્યુ.

ત્યાર બાદ જીવન તરંગ વડોદરા સંઘ શિરોમણી સ્વ.શ્રી ઠાકરશી પદમશી પનપારીયાના જીવન યાત્રા વિશે મહાનુંભાવોના વકતવ્ય જેમા અચલગચ્છ જૈન સંઘના શ્રી વિસનજી સુદંરજી ગડા,સમસ્ત મહાજનના સેક્રેટરી જનરલ શ્રી નિશીથ આનંદીલાલ દંડ, શ્રી મુકેશ માણેકજી લોડાયા, શ્રી નરેન્દ્ર દામજી મોમાયા,શ્રી નટવરભાઈ રાઘવજી નાગડા, શ્રી શાંતીલાલ કલ્યાણજી લોડાયા, સહિત વકતાઓએ પોતાના અનુભવો વર્ણવ્યા.

સમગ્ર પ્રોગ્રામનું સંચાલન સેક્રેટરી શ્રી જયંત પટેલ, શ્રી મુકેશ માણેકજી લોડાયા , શ્રી નરેન્દ્ર દામજી મોમાયા અને શ્રી શાંતીલાલ કલ્યાણજી લોડાયા એ સફળતા પુર્વક કર્યુ. આભાર વિધિ શ્રી નરેન્દ્ર દામજી મોમાયા એ કરી. અને અંતમાં ભોજન લઈ સૌ આ ઐતિહાસિક પળોને વાગોળતા છુટા પડયા. આમ દશાઈના ઈતિહાસમાં વડોદરા ની પાવન ભૂમિ પર લેવાયેલા આ ઐતિહાસીક કાર્ય થકી દરેક કચ્છી દશા ઓશવાલ જ્ઞાતિ બાંધવોના મન-મસ્તક ગર્વ અને સ્વમાન ની લાગણી અનુભવે છે. આવા વડોદરા સંઘ શિરોમણી સ્વ.શ્રી ઠાકરશીભાઈ સૌ વડોદરા વાસીઓના હૃદય કમલમાં કાયમી બિરાજમાન રહેશે. તેમણે કરેલા કાર્યોની સુવાસ વર્ષો સુધી અકબંધ રહેશે.

**મુકેશ લોડાયા-વડોદરા**

# NOW SAVE UPTO 99%#
# ON PREMIUM OF YOUR COMMERCIAL VEHICLES*

## (ZERO DEP COVER ALSO AVAILABLE)



# VALID TILL 31/03/2019

* T&C APPLY

insurancekhoj.com™

the ultimate stop for insurance ™

Yashodhan Karani – 9821137737 ♦ Deepak Karani - 9821082664

**karani**

insurancekhoj@gmail.com ♦ 9004999900

# 404, BPS PLAZA, DEVIDAYAL ROAD, MULUND (WEST), MUMBAI - 400 080.

MUMBAI • PUNE • JALGAON • JAMNAGAR • BHUJ • RAJKOT • HUBLI • BHOPAL

KDO

Gyatimaiya
Weekly E-magazine

KDO